# EB-5 કે ગોલ્ડ કાર્ડ

## વિઝા મિત્ર

★ સંગીતા જોશી




અમેરિકાના પ્રેસિડેન્ટ ટ્રમ્પે 19 સપ્ટેમ્બર 2025ના દિવસે ગોલ્ડ કાર્ડ વિઝાનો પ્રોગ્રામ શરૂ કરાવ્યો. તેમનો એવો દાવો છે કે એક અબજની કિંમતના ગોલ્ડ કાર્ડ વેચાઈ ગયા છે, એટલે કે સેંકડો લોકો આ ગોલ્ડ કાર્ડ ખરીદવા આગળ આવ્યા છે. 23 એપ્રિલ 2026 ના દિવસે કોમર્સ સેક્રેટરી હોવર્ડ લૂટ્નિકે જાહેર કર્યું કે આમાંનું એક માણસનું ગોલ્ડ કાર્ડ હવે અપ્રુવ કરવામાં આવ્યું છે અને બીજા સેંકડો લોકો લાઈનમાં ઊભા છે અને લગભગ 10,000 લોકોએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે.

જ્યારે ગોલ્ડ કાર્ડની જાહેરાત કરવામાં આવી ત્યારે EB-5ની દુનિયામાં હલચલ મચી ગઈ હતી. એવા સવાલો ઉઠ્યા હતા કે શું વર્ષો જૂનો EB-5 પ્રોગ્રામ અટકાવી દેવામાં આવશે? ગોલ્ડ કાર્ડથી રિપ્લેસ કરવામાં આવશે? કે પછી હંમેશા માટે અભરાઈ પર ચડાવી દેવામાં આવશે? આ બીક પાયાહીન નીવડી કારણકે EB-5ના પ્રોગ્રામનો પાયો ખૂબ જ મજબૂત છે.

તો ચાલો, આજે આપણે ગોલ્ડ કાર્ડ અને EB-5 પ્રોગ્રામની સરખામણી કરીએ અને જાણીએ કે ભારતીયોએ કયા પ્રોગ્રામમાં પૈસા રોકવા જોઈએ.

ગોલ્ડ કાર્ડ તમારે દસ લાખ યુએસ ડોલર્સથી અમેરિકાના ડિપાર્ટમેન્ટ ઓફ કોમર્સ પાસેથી ખરીદવાનું હોય છે. જો કોઈ કોર્પોરેટ કંપની કોઈના વતીથી ખરીદે તો એણે પ્રત્યેક વ્યક્તિ દીઠ ૨૦ લાખ ડોલર્સ આપવાના રહે છે. સાથે જ 15,000 યુએસ ડોલર્સની પ્રોસેસિંગ ફી પણ ભરવાની રહે છે.

EB-5 પ્રોગ્રામમાં તમારે ટાર્ગેટેડ એમ્પ્લોયમેન્ટ અથવા રૂરલ એરિયામાં આઠ લાખ ડોલર્સનું રોકાણ કરવાનું રહે છે. જો તમે શહેરી એરિયામાં રોકાણ કરવા ઈચ્છો તો દસ લાખ પચાસ હજાર યુએસ ડોલર્સનું પ્રત્યેક ફેમીલી દીઠ રોકાણ કરવાનું રહેશે.

ગોલ્ડ કાર્ડ એક વ્યક્તિને મળે છે. EB-5માં રોકાણ કરનારના પતિ કે પત્નીને અને 21 વર્ષની નીચેની વયના અવિવાહિત સંતાનોને પણ અમેરિકાના વિઝા મળે છે. ગોલ્ડ કાર્ડ ખરીદનાર વ્યક્તિ EB-1એ કે EB-2 હેઠળ પાત્ર ગણાય છે. આથી એ EB-1એ કે EB-2 ની લાઈનમાં જોડાય છે. ભારતીયોને EB-1ના કરંટ થવા માટે લગભગ સાડા ત્રણ થી ચાર વર્ષ અને EB-2 હેઠળ લગભગ દસ-બાર વર્ષ રાહ જોવી પડે છે જ્યારે EB-5 હેઠળ જો રીજનલ સેન્ટર બધી જ શરતોનું સંપૂર્ણપણે પાલન કરે, પ્રત્યેક રોકાણકાર દીઠ 10 અમેરિકનોને નોકરીએ રાખે અને પૈસા ઈન્વેસ્ટ કરેલા રાખે તો દોઢથી બે વર્ષમાં રોકાણકારને કન્ડિશનલ ગ્રીનકાર્ડ મળી જાય છે. ત્યારબાદ બધી કન્ડિશન પૂરી કરતાં બે વર્ષ બાદ એને યુએસની સિટિઝનશીપ મળી જાય છે.

અત્યાર સુધીમાં એક ગોલ્ડ કાર્ડ અપ્રુવ કરવામાં આવ્યું છે. EB-5નો રિજેક્શનનો રેટ ફક્ત ત્રણ ટકાનો જ છે, એટલે કે મોટાભાગના લોકોનું EB-5 અપ્રુવ થઈ જાય છે. EB-5 હેઠળ રોકાણકારને બે વર્ષનું કન્ડિશનલ ગ્રીનકાર્ડ મળે છે જે અમુક શરતો પૂરી કર્યા બાદ બે વર્ષ બાદ પરમેનેન્ટ થઈ જાય છે જ્યારે ગોલ્ડ કાર્ડમાં સીધું ગ્રીનકાર્ડ મળે છે જે પહેલેથી જ પરમેનેન્ટ હોય છે એણે કોઈપણ પ્રકારની શરતો પૂરી કરવાની નથી હોતી.

ગોલ્ડ કાર્ડ અને EB-5 બંનેમાં પૈસા ક્યાંથી આવ્યા અને એના સોર્સ ઓફ ફંડ અને પાથ ઓફ ફંડ દર્શાવવા જરૂરી છે. ગોલ્ડ કાર્ડની સાથે એક મોટું રિસ્ક જોડાયેલું છે. અમેરિકાની ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં પૈસા આપીને ગ્રીનકાર્ડ ખરીદવાની ગોલ્ડ કાર્ડની સ્કીમ ગેરકાયદે છે એવું કહીને ગોલ્ડ કાર્ડ સ્કીમ બંધ કરાવવાની અરજી કરવામાં આવી છે. જ્યારે 30 સપ્ટેમ્બર 2027 સુધીમાં EB-5 પ્રોગ્રામ બંધ થશે પણ રોકાણકારે 30 સપ્ટેમ્બર 2026 સુધીમાં જ રોકાણ કરવાનું રહેશે, પણ અમેરિકાનો EB-5નો રિફોર્મ અને ઈન્ટીગ્રિટી એક્ટ જોતાં એક્સપર્ટો માને છે કે આ પ્રોગ્રામ બંધ નહીં થાય પણ કદાચ રોકાણની રકમ વધારીને ચાલુ રાખવામાં આવશે.

EB-5 પ્રોગ્રામને પૈસા આપીને ગ્રીનકાર્ડ ખરીદવામાં આવે છે એવું કહીને વખોડનારાઓ હવે માને છે કે EB-5માં તમારા પૈસા રિસ્ક હેઠળ છે. એમાં પ્રત્યેક રોકાણકાર દીઠ 10 અમેરિકનોને નોકરી મળે છે જે અમેરિકાના ફાયદામાં છે કારણકે ગોલ્ડ કાર્ડમાં નોકરીની કે પૈસાના રિસ્કની એવી કોઈ શરત નથી. ઉલટું એમાં ગ્રીનકાર્ડ સીધેસીધું પૈસા આપીને ખરીદવામાં આવે છે.

ટૂંકમાં ગોલ્ડ કાર્ડની સ્કીમ જાહેર થયાના ચાર મહિના બાદ આટલી મોટી રકમ ખર્ચ્યા બાદ ફક્ત એક અપ્રુવલ આવ્યું છે. સેંકડો કેસિસ પેન્ડિંગ છે, માથા પર બે કેસની તલવાર લટકે છે અને આખો પ્રોગ્રામ એક એક્ઝિક્યુટિવ ઓર્ડર પર અવલંબે છે, જે ગમે ત્યારે પાછો ખેંચાઈ શકે છે. EB-5 પ્રોગ્રામ વર્ષોથી છે. રોકાણની રકમ ગોલ્ડ કાર્ડની સરખામણીમાં ઓછી છે.

**જ્યારે ગોલ્ડકાર્ડની જાહેરાત કરવામાં આવી ત્યારે EB-5ની દુનિયામાં હલચલ મચી ગઈ હતી. એવા સવાલો ઉઠ્યા હતા કે શું વર્ષો જૂનો EB-5 પ્રોગ્રામ અટકાવી દેવામાં આવશે? ગોલ્ડકાર્ડથી રિપ્લેસ કરવામાં આવશે? કે પછી હંમેશા માટે અભરાઇ પર ચડાવી દેવામાં આવશે?**

આ આખા પ્રોગ્રામમાં સ્થિરતા છે. અત્યાર સુધીમાં હજારો EB-5માં રોકાણ કરનારાઓને એપ્રુવલ મળી ગયા છે. કેટલાય લોકો સિટીઝન પણ થઈ ગયા છે. આ પ્રોગ્રામ બંધ તો નહીં કરવામાં આવે પણ રોકાણની રકમ વધારી મૂકવામાં આવશે.

આથી ભારતીયોને મારી સલાહ છે કે EB-5માં રોકાણ કરવાનું વિચારતા હો તો ખૂબ જ ઝડપથી નિર્ણય લઈ લો કારણ કે આ આખા પ્રોસેસમાં ત્રણથી ચાર મહિના નીકળી શકે છે.

ગોલ્ડ કાર્ડ અને EB-5ની સરખામણીમાં ભારતીયો માટે EB-5માં રોકાણ કરવું ફાયદાકારક છે.

# ટ્રાન્સપોર્ટેશન દરમ્યાન માલને થતાં નુકસાન બદલ વળતર ચૂકવવાની ટ્રાન્સપોર્ટરની જવાબદારી

## ગ્રાહક મંચ

★ શ્રેયસ દેસાઈ (એડવોકેટ)

વેપારીઓ, ઉદ્યોગપતિઓના કરોડો રૂપિયાના માલનું પરિવહન ટ્રાન્સપોર્ટ કંપનીઓના માધ્યમથી રોજેરોજ થાય છે. સોંપવામાં આવેલ માલસામાનની ડિલીવરી સમયસર, સુરક્ષિત રીતે અને સાચી વ્યકિતને થાય તે સુનિશ્ચિત કરવાની ટ્રાન્સપોર્ટ કંપનીની ફરજ છે. એ ફરજ બજાવવામાં ટ્રાન્સપોર્ટ કું. દ્વારા થયેલ ચૂક યા બેદરકારી યા સેવામાં ખામી થકી ગ્રાહકને ઉદ્ભવતા નુકસાન બદલ ટ્રાન્સપોર્ટર વળતર ચૂકવવા જવાબદાર બની શકે છે.

પટેલ રોડ વેઝ લિ. વિ. બિરલા યામાહાના મહત્ત્વના કેસમાં આપેલા ચુકાદામાં સુપ્રીમ કોર્ટ ઓફ ઈન્ડિયાએ પણ ઉપરોકત કાનૂની સિદ્ધાંતને પુષ્ટિ આપી હતી.

બન્યું એવું હતું કે, ફરિયાદી બિરલા યામાહા લિ. એ ૨૬૭ જનરેટર સેટના ૨૩૭ કન્સાઈનમેન્ટસ પટેલ રોડ વેઝ લિ. (મૂળ સામાવાળા) ને જુદી જુદી જગ્યાએ પહોંચાડવા માટે સુપ્રત કર્યાં હતાં. મજકૂર જનરેટર સેટસ ટ્રાન્સપોર્ટ કંપનીનાં ગોડાઉનમાં હતાં તે દરમિયાન આગ લાગવાના કારણે નાશ પામ્યા હતા. ફરિયાદીએ ગ્રાહક સુરક્ષા ધારા અન્વયે નેશનલ કમિશન સમક્ષ ફરિયાદ માંડી જનરેટર સેટસની કિંમતના રૂ. ૫૦,૭૮,૨૩૧/, નૂર ભાડાના રૂા. ૨૨,૫૬૮/- તેમ જ હેરાનગતિ, હાડમારી વગેરે માટેના વળતરના રૂ. ૫,૦૦,૦૦૦/- મળીને કુલ રૂ. ૫૬,૦૦,૭૯૯/- નું વળતર સામાવાળા ટ્રાન્સપોર્ટર કનેથી અપાવવાની દાદ માંગી હતી.

ટ્રાન્સપોર્ટરે સ્વબચાવમાં જણાવ્યું હતું કે ફરિયાદીના જનરેટર સેટસ આગ લાગવાના કારણે એટલે કે સામાવાળાના અંકુશ બહારના એક અકસ્માતને કારણે નાશ પામ્યા હતા. સામાવાળાના પક્ષે કોઈ સેવામાં ઊણપ થઈ ન હતી અને તેથી, તેઓ ફરિયાદીને કોઇ વળતર ચૂકવવા જવાબદાર નથી એવી કેફિયત સામાવાળાની રહી હતી.



**ટ્રાન્સપોર્ટરને સોંપવામાં આવેલ માલને થયેલ નુકસાન બદલ ટ્રાન્સપોર્ટરની બેદરકારી જવાબદાર હતી એ સાબિત કરવાનો બોજો ફરિયાદી પર નથી પણ પોતાની કોઇ બેદરકારી ન હતી એમ ટ્રાન્સપોર્ટરે સાબિત કરવાનું રહેશે**

નેશનલ કમિશને ઠરાવ્યું હતું કે કેરિયર્સ એકટની કલમ-૯ માલને થયેલ નુકસાન યા હાનિ યા નોન ડિલિવરી માટે ટ્રાન્સપોર્ટરની બેદરકારી હતી એવું સાબિત કરવામાંથી ફરિયાદીને મુક્તિ આપે છે. માલને થયેલ નુકસાન યા હાનિ થવાની હકીકત પોતે જ ટ્રાન્સપોર્ટરની બેદરકારીનો પ્રથમદર્શી પુરાવો ગણાય એમ જણાવી નેશનલ કમિશને સામાવાળા ટ્રાન્સપોર્ટરની સેવામાં ક્ષતિ થઇ હોવાના તારણ પર આવી ફરિયાદીને રૂ. ૫૧,૦૦,૭૯૯/- ચૂકવી આપવાનો સામાવાળાને હુકમ કર્યો હતો. નેશનલ કમિશનના મજકૂર હુકમથી નારાજ થયેલ સામાવાળા સુપ્રીમ કોર્ટ સમક્ષ અપીલમાં ગયા હતા.

સુપ્રીમ કોર્ટે પણ નેશનલ કમિશનના અર્થઘટનને વાજબી ઠેરવતા જણાવ્યું હતું કે કેરિયર એકટની કલમ-૯ ગ્રાહક અદાલતોની સમક્ષની કાર્યવાહીઓને પણ નિ:શંકપણે લાગુ પડે છે. ટ્રાન્સપોર્ટરને સોંપવામાં આવેલ માલને થયેલ નુકસાન યા હાનિ બદલ યા માલની નોન ડિલીવરીના કિસ્સામાં પોતાની બેકાળજી નથી એ સાબિત કરવાની જવાબદારી ટ્રાન્સપોર્ટરની જ છે અને વિવાદવાળા કેસમાં ટ્રાન્સપોર્ટર અચાનક આગની દુર્ઘટનામાં જનરેટર સેટસ નાશ પામવા પાછળ પોતાની કોઈ બેદરકારી ન હતી એવું સાબિત કરવામાં નિષ્ફળ ગયા હોવાથી ટ્રાન્સપોર્ટર મૂળ ફરિયાદીને વળતર ચૂકવવા જવાબદાર હોવાનું ઠરાવી રૂ. ૫૧,૦૦,૭૯૯/- નું વળતર ફરિયાદીને ચૂકવવાનો સામાવાળાને આદેશ આપતો નેશનલ કમિશનનો હુકમ સુપ્રીમ કોર્ટે કન્ફર્મ કર્યો હતો.

ત્યાર બાદ, અન્ય એક મહત્ત્વના કેસ નાથ બ્રધર્સ એક્ઝીમ ઈન્ટરનેશનલ લિ. વિ. બેસ્ટ રોડવેઝ લિ.માં પણ સુપ્રીમ કોર્ટે વધુ એક વાર ઉપરોકત કાનૂની સિધ્ધાંતોનું પ્રતિપાદન કર્યું હતું અને વધુમાં એમ પણ ઠરાવ્યું હતું કે ટ્રાન્સપોર્ટરનાં બિલ, રસીદ યા અન્ય કોઈ લીટરેચરમાં માલનું પરિવહન માલિકના જોખમે (At Owner's Risk) કરવામાં આવશે એવી કોઈ શરત જણાવી હોય તો સુપ્રીમ કોર્ટના ઉપરોક્ત જજમેન્ટથી ત્રણ કાનૂની સિધ્ધાંતો પ્રસ્થાપિત થાય છે:- (૧) ટ્રાન્સપોર્ટરને સોંપવામાં આવેલ માલને ટ્રાન્સપોર્ટરની બેદરકારી થકી થયેલ નુકસાન બદલ ટ્રાન્સપોર્ટર કન્સાઈનરને વળતર ચૂકવવા જવાબદાર બનશે (૨) ટ્રાન્સપોર્ટરને સોંપવામાં આવેલ માલને થયેલ નુકસાનની હકીકત પોતે જ ટ્રાન્સપોર્ટરની બેદરકારીનો પ્રથમદર્શી પુરાવો ગણાશે અને (૩) ટ્રાન્સપોર્ટરને સોંપવામાં આવેલ માલને થયેલ નુકસાન બદલ ટ્રાન્સપોર્ટરની બેદરકારી જવાબદાર હતી એ સાબિત કરવાનો બોજો ફરિયાદી પર નથી પણ પોતાની કોઈ બેદરકારી ન હતી એમ ટ્રાન્સપોર્ટરે સાબિત કરવાનું રહેશે.

## કેન્ડલ લાઈટ

:: કેન્ડલ લાઈટ ::

**જાણે ફાડે કોઈ તારીખનાં બબ્બે પાનાં,
એવી રીતે તારા હૈયાથી હું વિસરાઈ ગયો
- 'સૈફ' પાલનપુરી**